ગુજરાતમિત્ર

# પંચમહાલ-દાહોદ

ગુરુવાર ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ | **દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 

## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલમાં સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા દિગ્વિજય દિવસની ઉજવણી



**કાલોલ :** કાલોલની એમ. એમ ગાંધી આર્ટસ અને કોમેર્સ કોલેજ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો કિશોર વ્યાસ ની અધ્યક્ષતામાં યોજાયો જેમાં વક્તા તરીકે નરેન્દ્રસિંહ ગોહિલ વિશ્વ હિન્દુ પરિષદ પંચમહાલ ધર્મ પ્રસાર પ્રમુખ દ્વારા કરવામાં આવી.દિગ્વિજય દિન ની સમજ આપી જેમાં 11-09-1893 દિવસ ના રોજ સ્વામીવિવેકાનંદ દ્વારા સિકાગો ખાતે વિશ્વ ધર્મ સંસદ માં આપેલ ભાષણ ની પ્રસ્તુતિ રજુ કરી. તેમજ વિશેષ ઉપસ્થિત માં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના NSS કો - ઓડીનેટર પ્રો. મયંકભાઇ શાહ, Nss પ્રોગ્રામર ઓફિસર ડો. હરેશ સુથાર, યુવાબોર્ડ સંયોજક કૌશલભાઈ ઉપાધ્યાય, પ્રતિકભાઈ બ્રાહ્મભટ્ટ, હર્ષિલ ભાઈ પંડ્યા, રોકીભાઈ સોલંકી અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ની ઉપસ્થિત રહી હતી.

### કાલોલની દિવ્યદર્શન સોસાયટીમાં ગણપતિ બાપાને અન્નકૂટ ધરાવવામાં આવ્યો



**કાલોલ :** કાલોલના સ્ટેશન રોડ ઉપર આવેલી દીવ્ય દર્શન સોસાયટીમાં મંગળવારે રાત્રે ગણપતી બાપા ને આ અન્નકૂટ નો પ્રસાદ ધરાવવામાં આવ્યો જેના દર્શનાર્થે મોટી સંખ્યામાં ભાવિક ભકતો જોડાયા હતા. આ સોસાયટીમાં યુવાનો દ્વારા ગણપતી દાદા ની વિધિવત સ્થાપના કરી પરંપરાગત રીતે પુજન અર્ચન કરવામાં આવે છે.

### લીમખેડા તાલુકાના અગારા(ઉ) પગાર કેન્દ્રના ટીંબા પ્રાથમિક શાળાનું ગૌરવ



**લીમખેડા :** લીમખેડા તાલુકાના અગારા(ઉ) પગાર કેન્દ્રના સી.આર.સી બારમાં આવેલી ટીંબા પ્રાથમિક શાળાના શિક્ષક અશ્વિનભાઈ પટેલને 5 મી સપ્ટેમ્બર 2024 ના રોજ જિલ્લા કક્ષાએ યોજાયેલા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ સન્માન કાર્યક્રમમાં માનનીય ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાનાં હસ્તે લીમખેડા તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પ્રાપ્ત થતાં, શાળાના આચાર્ય,શાળાના સ્ટાફ મિત્રો એસ.એમ.સી.અધ્યક્ષ, એસ.એમ.સી.નાં સભ્યો,શાળા પરિવારના બાળકો અને ગ્રામજનો તરફથી ખૂબ-ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### કાલોલના મધવાસની હાઈસ્કુલ ખાતે કલા ઉત્સવની ઉજવણી કરવામાં આવી



**કાલોલ :** કાલોલ તાલુકાના મધવાસ મુકામે શ્રી ગૌશ્નેશ્વર મહાદેવના સાનિધ્યમાં આવેલ શ્રી નવસર્જન ઉ.બુ. હાઇસ્કુલ, મુ.પો.- મધવાસ, તાલુકો - કાલોલ, જી.- પંચમહાલ ખાતે QDC -1 ના કલા ઉત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં QDC-1 માં સમાવિષ્ટ 17 શાળાના 50 જેટલા વિદ્યાર્થીઓ એ વિવિધ પ્રકારની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.ર્યક્રમના અંતમાં વિવિધ શાળાઓમાંથી પધારેલ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે અલ્પાહાર ની વ્યવસ્થા યજમાન શાળા દ્વારા કરવામાં આવી હતી તેમજ શાળાના આચાર્ય દ્વારા ભાગ લીધેલ શાળાઓના તમામ વિદ્યાર્થીઓ અને વિજેતા વિદ્યાર્થીઓનો આભાર માની કાર્યક્રમ ની પૂર્ણાહુતિ કરી હતી.

---

મધ્યરાત્રીના સમયે અચાનક કાચા મકાનની દિવાલ ધરાશાઈ થઈ જતાં એકાએક બુમાબુમ મચી જવા પામી

# દાહોદના ખરવાણી ગામે દિવાલ ધરાશાયી થતાં બે બાળકોના મોત

**ભારે** વરસાદના કારણે મકાનની દિવાલ પડી અને સુઇ રહેલા બે બાળકો દટાયા

(પ્રતિનિધી) દાહોદ, તા.11

દાહોદ તાલુકાના ખરવાણી ગામે કરૂણાંતિકા છવાઈ જવા પામી છે જેમાં ગતરોજ રાત્રીના સમયે વરસતા વરસાદ વચ્ચે ગામમાં આવેલ એક કાચા મકાનની દિવાલ ધરાશાઈ થઈ જતાં મકાનમાં મીઠી નિંદર માણી રહેલ પરિવારજનો પૈકી બે માસુમ બાળકો દિવાલ નીચે દબાઈ જવાને કારણે બંન્ને માસુમ બાળકોના મોત નીપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી છે. ત્યારે એક બાળક તેમજ એક વ્યક્તિને પણ શરીરે ઈજાઓ પહોંચતાં બંન્નેને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હોવાનું



જાણવા મળે છે. દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ભારે વરસાદ વરસી રહ્યો છે. તમામ સ્થળોએ વરસાદી પાણી ભરાઈ જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે આ વરસતા વરસાદ વચ્ચે દાહોદના ખરવાણી ગામે સંગાડા ફળિયામાં રહેતાં મનુભાઈ ભુરાભાઈ ડામોર તથા તેમના પરિવારજનો પોતાના કાચા મકાનમાં ગતરોજ વરસાદી માહૌલ વચ્ચે ઘરમાં મીઠી નિંદર માણી રહ્યાં હતાં ત્યારે મધ્યરાત્રીના સમયે અચાનક કાચા મકાનની દિવાલ ધરાશાઈ થઈ જતાં એકાએક બુમાબુમ મચી જવા પામી હતી પરંતુ કંઈ સમજાય તે પહેલા દિવાલ પડતાની સાથે દિવાલ નીચે ૦૭ વર્ષિય જોસનાબેન તથા ૦૫ વર્ષિય રોશનીબેન તેમજ કીરણ અને મનુભાઈ એમ ચારેય જણા દિવાલ નીચે દબાઈ ગયાં હતાં જેમાં ૦૭ વર્ષિય જોસનાબેન તેમજ ૦૫ વર્ષિય રોશનીબેન દિવાલ નીચે દબાઈ જવાને કારણે બંન્ને માસુમ બાળકોના ઘટના સ્થળ પર મોત નીપજ્યાં હતાં. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. ઘટનાને પગલે મધ્યરાત્રીના સમયે લોકટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ તેમ સંબંધિત તંત્રના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયાં હતાં. બંન્ને માસુમ મૃતક બાળકોને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે પીએમ માટે મોકલી દેવામાં આવ્યાં હતાં જ્યારે ઈજાગ્રસ્ત કીરણભાઈ તથા મનુભાઈને પણ સારવાર માટે ઝાયડસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં હતાં. આ સંબંધે પોલીસ મથકે જાણ કરવામાં આવતાં પોલીસે તપાસ હાથ ધરી કાર્યવાહી હાથ ધરી છે.

### ફતેપુરા તાલુકાના હિંદોલિયા ગામમાં ભારે વરસાદના કારણે જુનુ મકાન ધરાશાયી



**સુખસર :** ગત રોજ ફતેપુરા તાલુકાના હિંદોલિયા ગામના બારીયા ફળીયામાં રહેતા કાન્તાબેન ભાથુભાઈ બારીયા સાંજના સમયે વરસાદના કારણે એકાએક વર્ષો જૂનું મકાન ધારાસયી થવાની ઘટના સામે આવી છે.જેમાં કોઈ જાનહાની થયેલ નથી.કાન્તાબેન ના પિતા ભાથુભાઈ બારીયાને પરિવાર મા દીકરો નથી. પાંચ દીકરીઓ જ છે. તેમા ચાર દીકરીઓના લગ્ન થઈ ગયા છે.અને પાંચમા નંબરની દીકરી કાન્તાબેનના લગ્ન થયેલ નથી.તેઓ પિતા ના ઘરે જ રહે છે. મળતી માહિતી મુજબ કાન્તાબેન ઘરમાં એકલા રહે છે. તેમના પિતા 10 વર્ષ પહેલા અને માતા 2 વર્ષ પહેલા અવસાન પામેલ છે.કુટુંબ પરિવારમાં તેમને કોઈ નો સહારો નથી.માતા પિતા ની છત્રછાયા ગુમાવનાર પોતે મહેનત મજૂરી કરી પોતાનું પેટ રળે છે. કહેવાય છે કે ઘરમાં મોભી હોય તો દીકરા દીકરીઓ પર આફત આવવા દેતા નથી.પણ કાન્તાબેનના ઘરમા તો નથી મોભી કે નથી માથે છત,જે છત થોડી ઘણી છે તેની દીવાલોમા પણ તિરાડો પડી ગઈ છે.જો વરસાદ વધારે આવે તો એ પણ છત છીનવાઈ જવાની નોબત આવી શકેતેમ છે.

---

# સિંગવડના પીપળીયા ગામે કારે બાઈકને અડફેટે લેતા બેને ઈજા

**ઇજાગ્રસ્ત** બંને ઇસમોને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડ્યા હતા

(પ્રતિનિધી) દાહોદ, તા.11

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના પીપળીયા ગામે એક ફોર વ્હીલર ગાડીના ચાલકે એક મોટરસાઈકલ પર સવાર બે વ્યક્તિઓને અડફેટમાં લેતાં બંન્ને વ્યક્તિઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં બંન્નેને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

ગત તા.૦૯મી સપ્ટેમ્બરના રોજ સીંગવડના છાપરવડ ગામે બારીઆ ફળિયામાં રહેતાં મુકેશભાઈ ખુમાનસીંગભાઈ બારીઆ તથા તેમની સાથે કમલેશભાઈ માનસીંગભાઈ બારીઆ બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ સીંગવડના પીપળીયા ગામેથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે ત્યાંથી એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી મુકેશભાઈની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં મુકેશભાઈ તથા કમલેશભાઈ બંન્ને જણા મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાતાં તેઓને શરીરે, હાથે પગે ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં અને ઉપરોક્ત બંન્ને ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં.

આ સંબંધે ઈજાગ્રસ્ત મુકેશભાઈ ખુમાનસીંગભાઈ બારીઆએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

ગોધરા અને થર્મલ ખાતે નીટ પરીક્ષા કૌભાંડમાં સીબીઆઇએ રજૂ કરેલી ચાર્જશીટમાં ચોકાવનારી વિગતો બહાર આવી

# સીબીઆઈએ 5 કોરા ચેક સહિત કુલ 18 ચેક ડોકયુમેન્ટ તરીકે કોર્ટમાં ચાર્જશીટ સાથે જમા કરાવ્યા

**કૌભાંડીઓએ** માંડ માંડ 12મુ પાસ થયેલાને નીટ પાસ કરાવાની જવાબદારી લીધી હતી

(પ્રતિનિધી) ગોધરા, તા.11

ગોધરા અને થર્મલ ખાતે જય જલારામ સ્કૂલમાં નીટ પરીક્ષા કૌભાંડમાં સીબીઆઈએ રજૂ કરેલી ચાર્જશીટમાં ચોકાવનારી વિગતો બહાર આવી છે. જેમાં આ કૌભાંડીઓ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી નીટની પરીક્ષામાં પૈસા લઇને પરીક્ષાર્થીઓને પાસ કરાવવાનું કૌભાંડ આચર્યું હતું.દર વર્ષે પરીક્ષા દરમ્યાન ૫૦ કરોડ રૂપિયાનો નિટમાં ચોરી કરાવવાનો વેપલો કરતા હોવાના આક્ષેપની આવેલ અરજીઓ પણ CBI એ ચાર્જશીટમાં રજૂ કરી છે.

CBI ની તપાસ દરમ્યાન રાજ્ય બહારના ૧૬ પરિક્ષાર્થીઓના અમદાવાદ,ગોધરા અને વડોદરાના ખોટા સરનામા બતાવ્યા હતાં અને તે સરનામા પર નોટિસ મોકલવામાં આવતા ખોટા સરનામાના આધારે નોટિસો પણ પરત આવી હતી.જેના પુરાવા કોર્ટ સમક્ષ રજુ કર્યા છે. સીબીઆઈએ ૫ કોરા ચેક મળીને કુલ ૧૮ ચેક ડોકયુમેન્ટ તરીકે કોર્ટમાં ચાર્જશીટ સાથે જમા કરાવ્યા છે. જિલ્લા કલેક્ટર પાસે અગાઉના વર્ષની નીટ પરીક્ષાની તપાસ કરવા માટે લેખીતમાં રજુઆત આવી હતી.તે પત્ર પણ CBI ને અપાયેલ છે. ગોધરા અને થર્મલ ખાતેની જય જલારામ સ્કૂલમાં નીટની પરીક્ષામાં પરીક્ષાર્થીઓને મેરીટમાં પાસ કરાવા પરશુરામ રોય અને આનંદ વિભારે લાખો રૂપીયા વાલીઓ પાસેથી લીધા. આનંદ વિભોર રાજય બહારના પરીક્ષાર્થીઓને શોધીને નીટની પરીક્ષામાં સારા માર્ક સાથે રેન્ક અપાવવાની બાંહેધરી આપતો હતો. આનંદ વિભોર રાજય બહારના ૧૬ પરીક્ષાર્થીઓને લઇને આવ્યો હતો. જેમાં બિહારના ૩, મહારાષ્ટ્રના ૪, ઓડિશાના ૫, રાજસ્થાનના ૩ અને ઉત્તરપ્રદેશના ૧ પરીક્ષાર્થીઓને ગોધરા અને થર્મલનું જય જલારામ સ્કૂલનું કેન્દ્ર પસંદ કરાવ્યું હતું. હજારો કી.મી દુર રહેતા પરપ્રાંતિય વિદ્યાર્થીઓના સરનામાં ગોધરા, વડોદરા, અમદાવાદ, મોડાસાના બતાવીને ફોર્મ ભર્યું હતું. જયારે આરીફ વોરા થકી ગોધરાના ૬ પરીક્ષાર્થીઓ અને રાજયના અન્ય જિલ્લાના ૮ પરીક્ષાર્થી મળીને કુલ ૩૦ પરીક્ષાર્થીઓને પાસ કરાવવા કાવત્રરૂ રચ્યું હતું.પરીક્ષા પૂર્વે જ તંત્રે આ આખુંય કૌભાંડ ઝડપી પાડતા ચાલુ વર્ષે યોજના મુજબ ચોરી કરાઈ શક્યા ન હતા.

### મહિસાગરના તબીબે પોતાના પુત્રને સારો રેન્ક અપાવવા લાખો રૂપિયા આપ્યા હતા

નીટની પરીક્ષામાં ચોરી કરાવીને મહિસાગરના તબીબે પોતાના પુત્રને સારો રેન્ક અપાવવા લાખો રૂપિયા આપ્યા હતા.તબીબ પુત્ર ભણવામાં કાચો હોવા છતાં મહિસાગરના તબીબને પોતાના પુત્રને તબીબ બનાવવા લાખો રૂપિયાનો વહીવટ કર્યો હતો.

---

બાળકીને ગોધરા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ

# કાલોલના કાસિયા ઘોડા ગામે 10 વર્ષની બાળકીને કોબ્રા સાપે દંશ દીધો

(પ્રતિનિધી) કાલોલ, તા.11

કાલોલ તાલુકાના ઘુસર નજીક આવેલા અંતરિયાળ વિસ્તાર કાશિયા ઘોડા ગામના એક મકાનમાં દશ વર્ષીય છોકરી ઘરનાં એક ખૂણામાં કંકુ ની ડબી રાખી હતી તે કંકુ ની ડબી જેવી ઉઠાવા જતાં ની સાથે જ કોઈ જાનવરે હાથમાં બચકું ભર્યું હોય હાથમાં લોહી નીકળતા જ ઘરના સભ્યોએ તે જગ્યા ઉપર શોધખોળ કરતાં એક ખૂણામાં અતી ઝેરી કોબ્રા નાગ નજરે ચડતા ત્યારબાદ દશ વર્ષીય છોકરી ને કોબ્રા નાગે ડંખ માર્યો હોય તેવું સ્પષ્ટ થતાં તાત્કાલિક પરિવારજનો એ ગામના સરપંચ બલુંભાઈ રાઠવા ને બોલાવ્યા જ્યાં સરપંચ દ્વારા તાત્કાલિક વેજલપુર ફોરેસ્ટ



વિભાગ માં ફરજ બજાવતા અશોકભાઈ પરમારનું સંપર્ક કરતા ફોરેસ્ટ વિભાગે તાત્કાલિક જીવદયા પ્રેમી તુષારભાઈ પટેલ ને જાણ કરતા તુષારભાઈ પટેલ તાત્કાલિક ત્યાં પોહચી ગયા હતા જ્યાં પરિજનો ભૂવા પાસે લઈ જવાની અંદોરોઅંદ વાતચીત કરતા તુષારભાઈ પટેલ કોબ્રા નાગ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે છોકરીને કોઈ ભૂવા જોડે જવાની કે જંતર-મંતર કરવાની જરૂર નથી તેને તાત્કાલિક સીવીલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવા સાચી સલાહ આપી ને તુષારભાઇ પટેલે તાત્કાલિક ૧૦૮ નો સંપર્ક કરતા જ તાત્કાલિક ૧૦૮ ઘટનાસ્થળે પહોંચતા જ તાલુકાના અંતરિયાળ વિસ્તાર એવા કાશિયા ગોઢા ગામથી દશ વર્ષીય છોકરીને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જ્યાં દશ વર્ષીય છોકરીને તાત્કાલિક સારવાર મળતાં જીવ બચી જતા પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો જ્યાં દશ વર્ષીય છોકરીને ડંખ મારનાર કોબ્રા નાગ ને જીવદયાપ્રેમી તુષારભાઇ પટેલે સાવચેતી પૂર્વક પકડી ને રહેણાંક વિસ્તારથી દુર જંગલ વિસ્તારમાં છોડી દેવામાં આવ્યો હતો.

---

### "હાજીર હો" લોક અદાલતના લાભો ઘરે બેઠા જાણી શકાશે

(પ્રતિનિધી) દાહોદ, તા.11

આગામી તા. 14/09/2024 ના રોજ દાહોદ અને ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજનાર છે. જેમાં વિવિધ સમાધાન લાયક કેશોનો લોક અદાલતના માધ્યમથી નિકાલ થાય અને લોક અદાલતના ફાયદાઓ જાણી મહત્તમ લોક અદાલતનો લાભ લઈ શકે તે હેતુથી લોક અદાલતના પ્રચાર પ્રસાર માટે આગામી તારીખ 11. 9. 2024 ના રોજ બપોરે 2:30 કલાકે, તારીખ 12. 9. 2024 ના રોજ સાંજે 06.00 કલાકે તેમજ તારીખ 13. 9. 2024 ના રોજ સવારે 9:30 કલાકે આમ સતત ત્રણ દિવસ ડીડી ગિરનાર ચેનલ અને youtube એપ્લિકેશનના માધ્યમથી લોક અદાલત બાબતે વિશેષ ચર્ચા સહ માર્ગદર્શન કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવનાર છે.

---

# લીમખેડાના ચિલાકોટા ગામે કોતરમાં ખાબકેલા યુવકનું મોત

**પોલીસે** અજાણ્યા મૃત યુવકની લાશનો કબજો લઇ પીએમ માટે મોકલી આપ્યો છે

(પ્રતિનિધી) દાહોદ, તા.11

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામે વરસાદી માહૌલ વચ્ચે ગામમાંથી પસાર થતી એક કોતરમાં એક અજાણ્યા આશરે ૪૦ વર્ષીય અજાણ્યા યુવક કોતરમાં પડી જવાથી યુવકનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૦મી ઓગષ્ટના રોજ વરસાદી માહૌલ વચ્ચે વરસતા વરસાદને પગલે લીમખેડાના ચીલાકોટા ગામેથી પસાર થતાં નદી, નાળા ભરાઈ ગયાં હતાં. ત્યારે વરસાદી માહૌલ વચ્ચે ચીલાકોટા ગામે ભુરીયા ફળિયામાંથી પસાર થતા એક કોતર તરફથી એક આશરે ૩૫થી ૪૦ યુવક કોતર તરફથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે કોતરમાં ભારે પાણીના પ્રવાહ વચ્ચે અજાણ્યા યુવક પાણીમાં તળાઈ ગયાં હતાં અને કોતરમાં ડુબી જવાને કારણે અજાણ્યા યુવકનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ લીમખેડા પોલીસને કરવામાં આવતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતક અજાણ્યા યુવકના મૃતદેહને કોતરના પાણીમાંથી બહાર કાઢી પીએમ માટે નજીકના દવાખાને મોકલી આપી પોલીસે અજાણ્યા યુવકના પરિવારજનોની શોધખોળ હાથ ધરી આ સંબંધે લીમખેડા પોલીસે અકસ્માતનો ગુનો નોધ્યો છે.

---

# સિંગવડ તાલુકામાં રાઠોડના ડુંગરપુર ગામે ચિલોટા નદી ઉપર નાળુ ધોવાયું, અવરજવર બંધ

(પ્રતિનિધી) સિંગવડ, તા.11

દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના રાઠોડના ડુંગરપુર થી ચિલોટા નદી પરથી પ્રતાપપુરા થઈને સંજેલી જવા રસ્તા ઉપર 2023માં સરકાર દ્વારા નાળુ બનાવીને તેના ઉપર આરસીસી કરવામાં આવ્યું હતું જ્યારે આ નાળા પરથી થોડા સમય પહેલા સંજેલી જવા માટે રાઠોડના ડુંગરપુર ના નાગરિકોને અવર-જવર પણ થતી હતી પરંતુ હમણાં થોડા સમય પહેલા વરસાદ વધારે પડવાથી આ નાળા પરથી



આરસીસી વાળો રપટ ધોવાઈ જતા આ રસ્તા ઉપર થઈને જે રાઠોડના ડુંગરપુર ના લોકોને સંજેલી જવા ઉપયોગી બનતો હતો તે રસ્તો તૂટી જતા આ રસ્તો બંધ થઈ જવા પામ્યો છે જ્યારે આ નાળાને બાંધીને હજુ એક વર્ષ જેવું થવા આવ્યું ત્યાં તો આ નાળા ઉપરનો આરસીસી ધોવાઈ ગયો અને નાળા ત્યાં ને ત્યાં રહી ગયા મતલબ કે કેટલું તકલાદી કામ થયું તેમ લોકોમાં ચર્ચા ચાલી રહી છે આ રસ્તો રાઠોડ ના ડુંગરપુર ના નાગરિકોને જવાનો બંધ થઈ જતા તેમને ફરી ફરીને સંજેલી જવાનો વારો આવ્યો છે જ્યારે આ નાળા પર પાણી નહિ હોય તો ગ્રામ લોકોને તૂટેલા નાળા પરથી જવા મજબૂર થવું પડે છે માટે આજે ચિલોટા નદી પરના નાળા માટે જે પણ અધિકારી કે સ્થાનિક નેતાઓ દ્વારા નવેસરથી નાળુ બનાવવા માંગ છે.

---

# કાલોલ પોલીસે નગરના સ્મશાન પાસેથી રેતી ખનન કરતું એક ટ્રેકટર ઝડપી પાડયુ

(પ્રતિનિધી) કાલોલ, તા.11

કાલોલ નગરમાં રેતી ભરી જતાં ટ્રેકટરો બિન્ધાસ્ત પસાર થઈ રહ્યા હોવાનો અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ આજ રોજ બુધવારે કાલોલ નદી પાસે આવેલા સ્મશાન ભૂમિ પાસેથી ગેરકાયદેસર રીતે રેતી ખનન કરી ભરી જતા એક ટ્રેક્ટર ચાલક પાસે પોલીસે પાસ પરમિટ માંગતા તેની પાસે રેતી ખનન અંગેનો કોઈ પાસ પરમીટ ન હોય રેતી ભરેલું ટ્રેક્ટર કાલોલ મામલતદાર કચેરી પાછળ મુકાવી



કાલોલ મામલતદારને લેખિતમાં જાણ કરી ટ્રેક્ટર ચાલક અને ટ્રેક્ટર માલિક સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. છેલ્લા ઘણા દિવસથી કાલોલ અને આસપાસના ગામોમાં રેતી ખનન કરી સ્ટોક કરી સવારે વહન કરવાનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. કાલોલ સ્મશાન ભૂમિ મા થી રેતી નુ ખનન કરી ગધેડા મારફતે ચોક્કસ જગ્યાએ રેતી ના ઢગલા કરવાનુ આખી રાત ચાલે છે.

તંત્ર ગધેડા ને પકડવાનું નથી અને પકડે તો રાખે ક્યા? તે બાબત માફિયાઓ સારી રીતે જાણે છે તેથી હવે ગધેડા મારફતે રેતી ઉલેચવાની કામગીરી વધી ગઈ છે.ગધેડા મારફતે રેતી ના ઢગલા કરનાર તત્વો સામે પણ નક્કર કાર્યવાહીની જરૂર છે.